**<u>અસ્વીકરણ</u>:** સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઇ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

**<u>DISCLAIMER:</u>** The translated judgment in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/ her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgment shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

---

ગુજરાત ઉચ્ચ ન્યાયાલય, અમદાવાદ

રિટ પીટીશન (પી.આઇ.એલ.) નં. ૨૧/૨૦૧૪

મંજૂરી અને હસ્તાક્ષર માટે:

માનનીય ન્યાયમૂર્તિ શ્રી જયંત પટેલ

અને

માનનીય ન્યાયમૂર્તિ શ્રી જી.બી. શાહ

==========================================================

૧ શું સ્થાનિક અખબારોના પ્રતિનિધિઓને આ ચુકાદો જોવાની મંજૂરી આપવામાં આવી શકે?

૨ રિપોર્ટરને સંદર્ભિત કરવું કે નહીં ?

૩ શું માનનીય ન્યાયમૂર્તિ ચુકાદાની આખરી નકલ જોવા ઇચ્છે છે ?

૪ શું આ કેસમાં ભારતના બંધારણના અર્થઘટન અંગે અથવા તે હેઠળ કરવામાં આવેલા કોઈ આદેશ અંગે કાયદાનો કોઈ મહત્વનો પ્રશ્ન સંકળાયેલો છે?

==================================================

ચુનીલાલ હરમંચંદ....અરજદાર(ઓ)

વિરુદ્ધ

ગુજરાત રાજ્ય & ૪....પ્રતિવાદી(ઓ)

==================================================

હાજરી:

અરજદાર(ઓ) નં. ૧ માટે શ્રી એ.બી. મુનશી, વકીલ, પ્રતિવાદી(ઓ) નં. ૧ માટે

શ્રી ધવાન જયસ્વાલ, એ.જી.પી., પ્રતિવાદી(ઓ) નં. ૩ માટે

શ્રી અમર એન. ભટ્ટ, વકીલ, પ્રતિવાદી(ઓ) નં. ૪ માટે

શ્રી એસ.પી. મજમુદાર, વકીલ, પ્રતિવાદી(ઓ) નં. ૪ માટે

શ્રી વિમલ એ. પુરોહિત, વકીલ, પ્રતિવાદી(ઓ) નં. ૧ ૨, ૫ માટે નોટિસ તામીલ થયેલ છે

==================================================

સમક્ષ: માનનીય શ્રી ન્યાયમૂર્તિ જયંત પટેલ અને
માનનીય શ્રી ન્યાયમૂર્તિ જી.બી. શાહ

તારીખ : ૨૪૨૫/૦૩/૨૦૧૫

મૌખિક ચુકાદો

( દ્વારા : માનનીય ન્યાયમૂર્તિ શ્રી જયંત પટેલ )

૧. અરજદારે જાહેર હિત અરજીની અધિકારક્ષેત્રનો આશરો લઈ આ અદાલતમાં હાલની અરજિ યોગ્ય રિટ મેળવવા માટે દાખલ કરી છે, જેથી ગામ વસ્ત્રાપુર, જિલ્લો અમદાવાદના અંતિમ પ્લોટ નં.૨૬૯ માટે તા. ૦૭.૦૩.૨૦૧૨ના આદેશ દ્વારા આપવામાં આવેલી બિનકૃષિ પરવાનગી આ આધાર પર રદ કરવામાં આવે કે તે ખોટી રજૂઆત કરીને અને જાહેર હિતના વિરુદ્ધ મેળવી લેવામાં આવી હતી. અરજદારે પ્રતિવાદી નં.૩ ને પ્રતિવાદી નં.૪ના હિતમાં વેચાણ દસ્તાવેજ કરવા પ્રતિબંધિત કરવા માટે પણ યોગ્ય રિટ માગી છે અને એ પણ પ્રાર્થના કરવામાં આવી છે કે ચેરિટી કમિશનરનો તા. ૦૯.૦૭.૨૦૧૩નો આદેશ રદ કરવામાં આવે, કારણ કે અરજદારના કહેવા મુજબ તે છેતરપિંડી અને ખોટી રજૂઆતથી પ્રાપ્ત થયેલો છે. અમે નોંધ લઈએ છીએ કે અરજિ બાકી દરમિયાન, અરજદારે એ પ્રાર્થના ઉમેરેલી છે કે પ્રતિવાદી નં.૨ દ્વારા તા. ૦૭.૦૩.૨૦૧૨ના રોજ જારી કરાયેલ બિનકૃષિ પરવાનગી રદ કરવા પાત્ર જાહેર કરવામાં આવે, કારણ કે તે બોમ્બે ટેનન્સી એન્ડ એગ્રીકલ્ચરલ લેન્ડ્સ અધિનિયમ, ૧૯૪૮ (આગળ "અધિનિયમ" તરીકે ઉલ્લેખિત) ની કલમ ૮૮ હેઠળની તા. ૦૮.૦૧.૧૯૭૪ની સરકારી જાહેરનામા સાથે અસંગત અને અસુસંગત છે. અરજદારે વધુમાં સુધારા દ્વારા એવી પ્રાર્થના ઉમેરેલી છે કે ગામ વસ્ત્રાપુરના અંતિમ પ્લોટ નં.૨૬૯ ધરાવતી, વિવાદિત જમીનની હસ્તાંતરણને રદબાતલ અને અમાન્ય જાહેર કરવામાં આવે, કારણ કે અરજદારના કહેવા મુજબ તે તા. ૦૮.૦૧.૧૯૭૪ની સરકારી જાહેરનામાનો ભંગ કરીને કરવામાં આવેલ છે. અરજદારે વધુમાં પ્રાર્થના ઉમેરેલી છે કે રાજ્ય સરકારની તા. ૦૮.૦૧.૧૯૭૪ની જાહેરનામામાં

દર્શાવેલ શિક્ષણ સિવાયના અન્ય હેતુ માટે વિવાદિત જમીનનો ઉપયોગ કરવા બાબતે પ્રતિવાદી નં.૩ અને ૪ને કાયમી રીતે અટકાવવામાં આવે. અરજદારે સુધારા દ્વારા વધુમાં એવી પણ પ્રાર્થના ઉમેરેલી છે કે પ્રતિવાદી નં.૧ અને ૨ વિરુદ્ધ યોગ્ય રિટ જારી કરવામાં આવે અને તેઓ તાત્કાલિક કાર્યવાહી તથા પગલાં લે જેથી પ્રતિવાદી નં.૩ અને ૪ દ્વારા વિવાદિત જમીન પર તા. ૦૮.૦૧.૧૯૭૪ની જાહેરનામાના ભંગમાં કોઈ વ્યાપારી વિકાસ હાથ ધરવામાં ન આવે તેની ખાતરી થાય. અરજદારે સુધારા દ્વારા એ પણ પ્રાર્થના કરી છે કે પ્રતિવાદી નં.૧ અને ૨ને નિર્દેશ આપવામાં આવે કે તેઓ રાજ્ય સરકારની તા. ૦૮.૦૧.૧૯૭૪ની જાહેરનામાનો ભંગ કર્યાના કારણે પ્રતિવાદી નં.૩ અને ૪ પાસેથી અંતિમ પ્લોટ નં.૨૬૯નો કબજો ફરીથી મેળવવા માટે પગલાં ભરે.

૨. અમારી દ્દષ્ટિએ અરજ◌ીઞીઞ સંયુક્ત તથા પરસ્પર સંકળાયેલી પ્રાર્થનાઓ કરવામાં આવી છે, પરંતુ સારરૂપે એવું કહી શકાય કે કલેક્ટર, પ્રતિવાદી ક્રમાંક ૨ દ્વારા આપવામાં આવેલી એન.એ. પરવાનગીની કાયદેસરતા અને માન્યતાને પડકારવા તેમજ બોમ્બે પબ્લિક ટ્રસ્ટ્સ અધિનિયમની કલમ ૩૬ હેઠળ, (આગળ જઈને જેને "ટ્રસ્ટ અધિનિયમ" તરીકે ઉલ્લેખવામાં આવશે) અહીંના પ્રતિવાદી ક્રમાંક ૫ ને પ્રશ્નાસ્પદ જમીન વેચવા બાબતે ચેરિટી કમિશનર દ્વારા આપવામાં આવેલી પરવાનગીને પડકારવા માટે આ પ્રાર્થનાઓ કરવામાં આવી છે. ઉપરોક્ત બન્ને પ્રાર્થનાઓના આધાર પર એવું કહી શકાય કે ત્યારબાદની પ્રાર્થનાઓ દ્વારા અરજદારે જમીન હસ્તાંતરણના વ્યવહારને શૂન્ય જાહેર કરવાની માંગ કરી છે અને અરજદાર હસ્તાંતરણ પછી પણ જમીનનો ઉપયોગ માત્ર શૈક્ષણિક હેતુ માટે જ થાય અને કોઈપણ વ્યાપારી વિકાસ માટે ન થાય તેવી માંગણી કરી રહ્યો છે અથવા વૈકલ્પિક રીતે એવી પ્રાર્થના કરવામાં આવી છે કે રાજ્ય

સરકાર દ્વારા જમીન પાછી કબજે લેવામાં આવે. ઉપરોક્ત રીતે કરવામાં આવેલી પ્રાર્થનાઓ તથા તેમના સારના પ્રકાશમાં, અમને કેસના તથ્યોની તપાસ કરવાની આવશ્યકતા પડી શકે છે.

૩. પ્રકરણના સંક્ષિપ્ત તથ્યો એવા જણાય છે કે પ્રતિવાદી ક્રમાંક ૩ શૈક્ષણિક પ્રવૃત્તિઓ હાથ ધરવાના હેતુથી સ્થાપિત એક પરોપકારી ટ્રસ્ટ છે. પ્રતિવાદી ક્રમાંક ૩ મુજબ, તેણે કોલેજો, શાળાઓ વગેરેની સ્થાપના કરીને વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓ હાથ ધરી છે અને, વિવાદની કાર્યવાહી બાકી હોવા દરમિયાન, કાયદેસરની જોગવાઈ દ્વારા તે શૈક્ષણિક હેતુ માટેની ખાનગી યુનિવર્સિટી છે. પ્રતિવાદી ક્રમાંક ૩ શૈક્ષણિક ક્ષેત્રમાં પોતાની પ્રવૃત્તિનો વિસ્તાર કરવા, જેમાં યુનિવર્સિટી સ્થાપવાની પ્રવૃત્તિનો પણ સમાવેશ થાય છે, તે અંગે વિચારણા કરી રહ્યું હોવાથી, તેને આશરે રૂપિયા ૨૦૦ કરોડ જેટલી વિશાળ રકમની જરૂર હતી અને તેથી તેણે પોતાની કેટલીક મિલકતોનું વિતરણ કરીને નાણાં ભેગાં કરવાનો નિર્ણય કર્યો હતો, જેમાં આવી એક મિલકત વસ્ત્રાપુર ગામનો ફાઇનલ પ્લોટ ક્રમાંક ૨૬૯ હતી (હવેથી જેને "વિવાદિત જમીન" તરીકે ઉલ્લેખવામાં આવશે). પ્રતિવાદી ક્રમાંક ૩ ટ્રસ્ટ હોવાથી, જમીનના વિતરણ માટે મંજૂરી મેળવવી આવશ્યક હોવાથી, ટ્રસ્ટ અધિનિયમની કલમ ૩૬ હેઠળ ચેરિટી કમિશનર સમક્ષ અરજી કરવામાં આવી હતી. પ્રતિવાદી ક્રમાંક ૩ મુજબ, તમામ વિગતો રજૂ કરવામાં આવી હતી, પરંતુ ટ્રસ્ટ અધિનિયમની કલમ ૩૬ હેઠળની અરજી બાકી હોવા દરમિયાન, પ્રતિવાદી ક્રમાંક ૩એ વિવાદિત જમીનનું વધુ ઊંચું મૂલ્ય પ્રાપ્ત કરવા માટે, રહેણાંક ઉપયોગ માટે બિન–ખેતી મંજૂરી મેળવવા હેતુસર બોમ્બે જમીન મહેસૂલ સંહિતા (હવેથી જેને "સંહિતા" તરીકે ઉલ્લેખવામાં આવશે) ની કલમ ૬૫ હેઠળ જિલ્લા કલેક્ટર સમક્ષ પણ અરજી કરી હતી. જિલ્લા કલેક્ટરે તા. ૦૭.૦૩.૨૦૧૨ના આદેશ દ્વારા બિન–ખેતી મંજૂરી આપી હતી અને ત્યારબાદ ચેરિટી કમિશનરે ટ્રસ્ટ અધિનિયમની કલમ ૩૬ હેઠળ તા.

૦૯.૦૭.૨૦૧૩ના આદેશ દ્વારા રૂપિયા ૧૩૭.૦૧ કરોડના પ્રતિફળ સામે પ્રતિવાદી ક્રમાંક ૪ને જમીનના વેચાણ માટે મંજૂરી આપી હતી. વધુમાં એવું જણાય છે કે ટ્રસ્ટ અધિનિયમની કલમ ૩૬ હેઠળ ચેરિટી કમિશનરે તા. ૦૯.૦૭.૨૦૧૩નો આદેશ કર્યા પછી, તા. ૨૧.૦૮.૨૦૧૩ના રોજ તુષાર પટેલ અને અન્ય એકે આ અદાલતમાં રિટ અરજી (જનહિત અરજી) ક્રમાંક ૨૧૦/૧૩ દાખલ કરી હતી અને આ અદાલતે ઉક્ત અરજીમાં પ્રારંભિક રીતે યથાવત સ્થિતિ જાળવવાનો વચગાળાનો આદેશ કર્યો હતો. ત્યારબાદ, ઉક્ત રિટ અરજી અંતે તા. ૨૪.૧૦.૨૦૧૩ના આદેશ દ્વારા નામંજૂર કરવામાં આવી હતી અને અરજદારોને રૂપિયા ૨૫,૦૦૦/– ખર્ચ ચૂકવવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો, જે વડી અદાલત કાનૂની સેવા સમિતિમાં જમા કરાવવાનો હતો. ત્યારપછી, હાલના અરજદારે, તે ટ્રસ્ટનો સભ્ય હોવાને કારણે અસરગ્રસ્ત થશે તેવા આધાર પર, તુષાર પટેલ અને અન્ય એકના પ્રકરણમાં રિટ અરજી (જનહિત અરજી) ક્રમાંક ૨૧૦/૧૩માં આ અદાલતના તા. ૨૪.૧૦.૨૦૧૩ના ઉપરોક્ત નિર્ણયને સર્વોચ્ચ અદાલત સમક્ષ એસ.એલ.પી. (સી) ક્રમાંક ૨૦૫૦૦/૧૩ દ્વારા પડકાર્યો હતો. સર્વોચ્ચ

અદાલતે ઉક્ત એસ.એલ.પી.માં, તા. ૦૯.૧૨.૨૦૧૩ ના આદેશ દ્વારા, તુષાર પટેલ દ્વારા પ્રાધાન્ય અપાયેલ એસ.એલ.પી.માં અવલોકન કર્યું હતું કે એકવાર વડી અદાલતે એવો નિષ્કર્ષ કાઢ્યો કે વિવાદપ્રક્રિયા બોના ફાઇડ નહોતી, ત્યારે વડી અદાલતે મામલાના ગુણદોષમાં જવું યોગ્ય ન હતું, પરંતુ જ્યાં સુધી અરજદારનો સંબંધ છે, ત્યાં સુધી સર્વોચ્ચ અદાલતે અવલોકન કર્યું હતું કે અરજદારને પોતાની ફરિયાદના નિવારણ માટે વડી અદાલત સમક્ષ આવવાની છૂટ આપી શકાય. તેથી, સર્વોચ્ચ અદાલતે વધુમાં અવલોકન કર્યું હતું કે જો અરજદાર પોતાની ફરિયાદના નિવારણ માટે વડી અદાલત સમક્ષ આવે, તો વડી અદાલત કાયદા મુજબ નવા સિરેથી મામલાનો વિચાર

કરશે અને રિટ અરજી (પી.આઈ.એલ.) ક્રમાંક ૨૧૦/૧૩ માં તા. ૨૪.૧૦.૨૦૧૩ ના વિવાદિત ચુકાદા અને આદેશમાં મામલાના ગુણદોષ અંગે કરાયેલા અવલોકનોથી પ્રભાવિત થયા વિના તેવો વિચાર કરશે, અને બંને પક્ષોના હક્કો તથા દલીલો ખુલ્લી રાખવામાં આવ્યા હતા. આ પણ નોંધવામાં આવે કે સમકાલીન રીતે તુષાર પટેલે પણ તા. ૨૪.૧૦.૨૦૧૩ ના ચુકાદા વિરુદ્ધ એસ.એલ.પી. (સી) ક્રમાંક ૩૬૩૨૮/૧૩ તરીકે સર્વોચ્ચ અદાલત સમક્ષ એસ.એલ.પી. દાખલ કરી હતી અને સર્વોચ્ચ અદાલતે ઉક્ત એસ.એલ.પી. ફગાવી દીધી હતી.

૪. એવું જણાય છે કે ત્યારબાદ હાલના અરજદારે તેની વ્યથા રજૂ કરવા માટે રિટ અરજી (પી.આઈ.એલ.) નં. ૨૧/૧૪ દાખલ કરીને વડી અદાલતનો આશરો લીધો હતો અને આ અદાલતે તા. ૩૧.૦૭.૨૦૧૪ના આદેશ દ્વારા અરજીને લોકસના આધાર પર નામંજૂર કરી હતી, કારણ કે અરજદાર શ્રી તુષાર પટેલનો માત્ર પ્યાદુ માણસ હોવાનું જણાયું હતું, જેઓની અરજી અગાઉ નામંજૂર કરવામાં આવી હતી. આ અદાલતે તે અરજદાર ઉપર રૂપિયા ૨૫,૦૦૦/-નો દાખલાત્મક ખર્ચ પણ લાધ્યો હતો. અરજદારે તા. ૩૧.૦૭.૨૦૧૪ના ચુકાદા વિરુદ્ધ મામલો સર્વોચ્ચ અદાલત સમક્ષ લઈ ગયો હતો અને સર્વોચ્ચ અદાલતે સિવિલ અપીલ નં. ૯૦૧૦/૧૪માં તા. ૧૯.૦૯.૨૦૧૪ના પસાર કરાયેલા આદેશ દ્વારા એવું માન્યું હતું કે અરજદાર શ્રી તુષાર પટેલનો પ્યાદુ માણસ છે તે આધાર પર વડી અદાલતે પસાર કરેલો આદેશ ટકી શકતો નથી અને તેથી સર્વોચ્ચ અદાલતે આ અદાલત દ્વારા તા. ૩૧.૦૭.૨૦૧૪ના પસાર કરાયેલા આદેશને રદ કરીને રિટ અરજી (પી.આઈ.એલ.) નં. ૨૧/૧૪, એટલે કે હાલની અરજી, કાયદા અનુસાર નવી સુનાવણી અને વિચારણા

માટે પુનઃસ્થાપિત કરી હતી. આ પરિસ્થિતિઓમાં હાલની અરજી આ અદાલત સમક્ષ સુનાવણી માટે આવી છે.

૫. વિવાદાસ્પદ જમીનનો ઐતિહાસિક પરિપ્રેક્ષ્ય પણ અમે નોંધવી શકીએ, કારણ કે પ્રતિવાદી નં.૩ એક ટ્રસ્ટ (બિન–કૃષિ) હતું. કારણ કે તેને વિવાદાસ્પદ જમીન ખરીદવાની ઇચ્છા હતી, તેણે અધિનિયમની કલમ ૬૩ હેઠળ પરવાનગી માટે અરજી કરી હતી અને સક્ષમ સત્તાધિકારીએ ૧૯.૧૦.૧૯૫૬ના રોજ એ શરત સાથે આવી પરવાનગી મંજૂર કરી હતી કે જમીનનો ઉપયોગ શૈક્ષણિક હેતુ માટે થવો જોઈએ. ત્યારબાદ પ્રતિવાદી નં.૩ ટ્રસ્ટે વિવાદાસ્પદ જમીન ખરીદી હતી અને જેવી હતી તેવી જ રીતે તે જમીનનો કબજો રાખ્યો હતો. ત્યારબાદ, ૦૮.૦૧.૧૯૭૪ના રોજ રાજ્ય સરકારે અધિનિયમની કલમ ૮૮(૧)(બી) હેઠળ જાહેરનામું બહાર પાડ્યું હતું, જેના દ્વારા બિન–કૃષિ વિકાસ માટે અનામત રાખવામાં આવેલ હોવાના કારણે વિવાદાસ્પદ જમીનને મુક્તિ આપવામાં આવી હતી. વિવાદાસ્પદ જમીન ટીપી યોજના હેઠળ રહેણાંક ઝોનમાં દર્શાવવામાં આવી છે અને ઉપરોક્ત એન.એ. પરવાનગી માટેની અરજી સુધી તે પ્રતિવાદી નં.૩ પાસે જ રહી હતી, અને ત્યારબાદ ટ્રસ્ટ અધિનિયમની કલમ ૩૬ હેઠળ ચેરિટી કમિશનરની પરવાનગીથી તા. ૨૩.૦૧.૨૦૧૪ના વેચાણખત દ્વારા તેનું હસ્તાંતરણ કરવામાં આવ્યું હતું. ઉપરોક્ત તથ્યપરિસ્થિતિના પ્રકાશમાં, હવે અમારે કાયદા મુજબ આ મુદ્દાની વધુ તપાસ કરવાની છે.

૬. અમે અરજદાર માટે શ્રી પર્સી કવીના, વિદ્વાન વરિષ્ઠ વકીલ સાથે શ્રી મુનશી, પ્રતિવાદી નં. ૧, ૨ અને ૫ માટે શ્રી જયસ્વાલ, વિદ્વાન એ.જી.પી., પ્રતિવાદી નં. ૩ માટે શ્રી મિહિર જોશી, વિદ્વાન વરિષ્ઠ વકીલ સાથે શ્રી સોપારકર, વિદ્વાન વરિષ્ઠ વકીલ અને શ્રી અમર ભટ્ટ

તથા પ્રતિવાદી નં. ૪ માટે શ્રી મિહિર ઠાકોર, વિદ્ધાન વરિષ્ઠ વકીલ સાથે શ્રી વિમલ પુરોહિત અને શ્રી એસ.પી. મજમુદારને સાંભળ્યા છે.

૭. અરજદાર તરફથી હાજર રહેલા વિદ્ધાન વકીલ શ્રી કવીનાએ એવી રજૂઆત કરી કે અરજદાર ટ્રસ્ટનો સભ્ય છે અને ટ્રસ્ટનું વધુ સારું સંરક્ષણ અને વહીવટ થાય તે બાબતમાં રસ ધરાવે છે. જ્યારે ટ્રસ્ટ દ્ધારા જમીન શૈક્ષણિક હેતુ માટે ખરીદવામાં આવી હોય, ત્યારે તેનો ઉપયોગ શૈક્ષણિક હેતુ માટે થવો જોઈએ અને ભંડોળ ઊભું કરવા માટે, ભલે તે યુનિવર્સિટીની સ્થાપના માટે હોય અથવા અન્ય કોઈ શૈક્ષણિક હેતુ માટે હોય, ટ્રસ્ટ દ્ધારા તે વેચવામાં આવવી જોઈએ નહોતી. તેમની રજૂઆત મુજબ, જ્યારે પ્રતિવાદી નં.૩ ટ્રસ્ટ દ્ધારા જમીન મેળવવામાં આવી, ત્યારે રાજ્ય સરકારે બિનખેડૂતને જમીન હસ્તાંતરણ કરવાની પરવાનગી આપતાં સ્પષ્ટ રીતે એવી જોગવાઈ કરી હતી કે જમીનનો ઉપયોગ શૈક્ષણિક હેતુ માટે જ કરવામાં આવશે અને ત્યારબાદ પ્રતિવાદી નં.૩ ટ્રસ્ટ માટે જમીનનો શૈક્ષણિક હેતુ માટે ઉપયોગ ન કરવો તેમજ તેને વેચી અને હસ્તાંતરિત કરી દેવું ખુલ્લું રહ્યું નહોતું. તેમણે રજૂ કર્યું કે અધિનિયમની કલમ ૮૮(૧)(બી) હેઠળની મુક્તિ રાજ્ય સરકારે અધિનિયમની અમલવારીમાંથી એ હકીકતને ધ્યાને લઈ આપી હતી કે જમીન ટ્રસ્ટ દ્ધારા શૈક્ષણિક ટ્રસ્ટ તરીકે ધારિત હતી અને તેનો ઉપયોગ શૈક્ષણિક હેતુ માટે થવાનો હતો. ત્યારબાદ, ટ્રસ્ટ માટે એન.એ. પરવાનગી માટે અરજી કરીને શૈક્ષણિક હેતુના બદલે રહેણાંક હેતુ માટે જમીનનું રૂપાંતર માંગવું ખુલ્લું રહ્યું નહોતું. તેમની રજૂઆત મુજબ, અધિનિયમની કલમ ૬૫ હેઠળ કલેક્ટર દ્ધારા બિનખેતી રહેણાંક ઉપયોગ માટે આપવામાં આવેલી પરવાનગી અધિનિયમની કલમ ૬૩ હેઠળ તેમજ અધિનિયમની કલમ ૮૮ હેઠળ રાજ્ય સરકાર દ્ધારા અગાઉ કરાયેલા આદેશના વિરુદ્ધ છે. તેમણે રજૂ કર્યું કે ટ્રસ્ટ અધિનિયમની કલમ ૩૬ હેઠળ ચેરિટી કમિશનર દ્ધારા જમીનના

હસ્તાંતરણ અથવા વેચાણ માટેની પરવાનગી પણ અપાઈ શકી હોત નહીં, કારણ કે જમીન શરૂઆતથી જ શૈક્ષણિક હેતુ માટે મેળવવામાં આવી હતી અને મુક્તિ પણ શૈક્ષણિક હેતુ માટે જ અપાઈ હતી. તેમની રજૂઆત મુજબ, જો અધિનિયમની કલમ ૬૩ હેઠળ આપવામાં આવેલી પરવાનગીની શરતનો ભંગ થયો હોય અથવા અધિનિયમની કલમ ૮૮ હેઠળ આપવામાં આવેલી મુક્તિનો ભંગ થયો હોય, તો પ્રતિવાદી નં.૩ના હિતમાં જમીનનું પુનઃહસ્તાંતરણ કરીને મૂળ સ્થિતિ પુનઃસ્થાપિત ન થાય ત્યાં સુધી રાજ્ય સરકાર દ્વારા જમીન ફરી કબજે લેવાય તેવી જરૂર પડે. તેમણે રજૂ કર્યું કે એ જ તર્કના આધારે, ટ્રસ્ટ અધિનિયમની કલમ ૩૬ હેઠળ ચેરિટી કમિશનર દ્વારા અપાયેલ પરવાનગીના આધારે પ્રતિવાદી નં.૩ દ્વારા પ્રતિવાદી નં.૪ના હિતમાં કરવામાં આવેલ જમીનનું હસ્તાંતરણ પણ ગેરકાયદેસર ઠરશે. તેમની રજૂઆત મુજબ, પ્રતિવાદી નં.૩ દ્વારા જમીનનો શૈક્ષણિક હેતુ માટે ઉપયોગ ન કરવાને કારણે વિશાળ જાહેર હિતને પ્રતિકૂળ અસર પહોંચી છે અને તેમણે વધુમાં રજૂ કર્યું કે પ્રતિવાદી નં.૨ કલેક્ટર તેમજ પ્રતિવાદી નં.૫ ચેરિટી કમિશનર માટે, સરકાર દ્વારા જમીનનો શૈક્ષણિક હેતુ માટે ઉપયોગ કરવા અંગે લાદવામાં આવેલ ઉપરોક્ત નિબંધનને અમલમાં મૂકવું આવશ્યક હતું અને એમ ન કરવામાં આવતાં, એન.એ.નો આદેશ તેમજ ટ્રસ્ટ અધિનિયમની કલમ ૩૬ હેઠળ પરવાનગી આપવાનો આદેશ ગેરકાયદેસર ગણાવી શકાય અને રદ કરવા યોગ્ય છે. તેમણે રજૂ કર્યું કે ટ્રસ્ટનો જાહેરહિતચિંતક સભ્ય હોવાના નાતે અરજદારે જમીનનો શૈક્ષણિક હેતુ માટે ઉપયોગ થાય તેવા પ્રશંસનીય હેતુને આગળ ધપાવવા આ અદાલતનો દરવાજો ખટખટાવ્યો છે. તેથી, પ્રાર્થિત રાહતો સાથે હાલની અરજિ કરવામાં આવી છે.

૮. જ્યારે, શ્રી જયસવાલ, વિદ્વાન એ.જી.પી.એ એન.એ. માટે કલેક્ટર દ્વારા પસાર કરાયેલા આદેશો તથા ટ્રસ્ટ અધિનિયમની કલમ ૩૬ હેઠળ જમીનના હસ્તાંતરણ માટે ચેરિટી કમિશનર દ્વારા પસાર કરાયેલા આદેશોને સમર્થન આપ્યું છે. તેમણે રજૂ કર્યું કે કોડની કલમ ૬૫ હેઠળ એન.એ. માટે કાયદા મુજબની તમામ પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. ટ્રસ્ટ અધિનિયમની કલમ ૩૬ હેઠળ ચેરિટી કમિશનર સમક્ષ મહેસૂલી સત્તાધિકારી દ્વારા ઉઠાવવામાં આવેલી આપત્તિઓ અંગે, તેમણે રજૂ કર્યું કે ચેરિટી કમિશનરે ટ્રસ્ટ અધિનિયમની કલમ ૩૬ની જોગવાઈઓ મુજબ તમામ પાસાઓનું પરીક્ષણ કર્યું હતું અને આદેશમાં જણાવ્યા મુજબ, અમદાવાદ યુનિવર્સિટીની સ્થાપના કરીને શિક્ષણ આપવાના હેતુ માટે ભંડોળ ઊભું કરવાની આવશ્યકતા હોવાનું જણાયું હતું અને તેથી પરવાનગી આપવામાં આવી હતી. તેમણે રજૂ કર્યું કે એન.એ.ની પરવાનગી આપતી વખતે કોડની કલમ ૬૫ હેઠળ જરૂરી એવી તમામ કાળજી રાખવામાં આવી છે અને જમીન વેચવાની પરવાનગી આપતી વખતે ટ્રસ્ટ અધિનિયમની કલમ ૩૬ હેઠળ જરૂરી એવી તમામ કાળજી લેવામાં આવી છે અને તેથી આ આદેશો ગેરકાયદેસર છે એવું કહી શકાય નહીં.

૯. જ્યારે, પ્રતિવાદી નં. ૩ ટ્રસ્ટ તરફથી હાજર રહેલા વિદ્વાન વકીલ શ્રી જોશીએ રજૂઆત કરી હતી કે અધિનિયમની કલમ ૬૩ હેઠળ જમીનનો ઉપયોગ શૈક્ષણિક હેતુ માટે કરવા પરવાનગી આપવામાં આવી હતી અને ત્યારબાદ અધિનિયમની કલમ ૮૮(૧)(બી) હેઠળ મુક્તિ આપવામાં આવી હતી, પરંતુ એકવાર આવી મુક્તિ આપવામાં આવ્યા પછી અધિનિયમ લાગુ પડતો નથી અને મિલ્કતના હકશીર્ષક ઉપર જો કોઈ અવરોધ હોય તો તે વધુ અસ્તિત્વમાં રહેતો નથી. તેમણે રજૂ કર્યું હતું કે ચેરિટી કમિશનર સમક્ષ રજૂ કરાયેલ વિગતો મુજબ, યુનિવર્સિટીની સ્થાપના માટે વિવિધ ફેકલ્ટીઓ અને શૈક્ષણિક મકાનોના વિકાસના હેતુસર પ્રતિવાદી નં. ૩

ટ્રસ્ટને આશરે રૂપિયા ૨૦૦ કરોડ જેટલી રકમની જરૂર હતી. ટ્રસ્ટની કેટલીક જમીનો અથવા મિલ્કતો વેચવામાં ન આવે ત્યાં સુધી આવી વિશાળ રકમ એકત્રિત થઈ શકતી નહોતી. તેમણે રજૂ કર્યું હતું કે પ્રતિવાદી નં. ૩ ટ્રસ્ટ પાસે જમીનના વિવિધ ખંડો છે જેના ઉપર પ્રસ્તાવિત યુનિવર્સિટી હાથ ધરવામાં આવી શકે. તેમ છતાં, પ્રશ્નાધીન જમીનનું સ્થાન ધ્યાનમાં લેતા, તેનો શૈક્ષણિક હેતુ માટે મકાન બાંધકામમાં ઉપયોગ કરવો મુશ્કેલ હતો અને તેથી શૈક્ષણિક હેતુઓ માટે ઉપયોગમાં લઈ શકાય એવો નાણાંકીય ભંડોળ ઊભું કરવાનો નિર્ણય લેવાયો. તેથી ટ્રસ્ટ અધિનિયમની કલમ ૩૬ હેઠળ ચેરિટી કમિશનર સમક્ષ અરજી કરવામાં આવી. શ્રી જોશી મુજબ, જ્યારે અરજી કરવામાં આવી ત્યારે જમીન કૃષિ જમીન તરીકે હતી અને જો તે કૃષિ જમીન તરીકે વેચવામાં આવે તો વધુ કિંમત પ્રાપ્ત ન થઈ શકે, અને તેથી ચેરિટી કમિશનર સમક્ષ અરજી બાકી હોય તે દરમ્યાન એવું જણાયું કે જમીન રહેણાંક ઝોનમાં આવેલ હોવાથી તેને રહેણાંક હેતુ માટે બિનકૃષિ ઉપયોગમાં પરિવર્તિત કરવામાં આવે તો વધુ યોગ્ય રહેશે. તેથી સંહિતાની કલમ ૬૫ હેઠળ બિનકૃષિ માટે અરજી કરવામાં આવી. એવી રજૂઆત કરવામાં આવી હતી કે પ્રતિવાદી નં. ૩ તરફથી કોઈ બાબત દબાવવામાં આવી નથી કે ખોટી રજૂઆત કરવામાં આવી નથી. તમામ પાસાઓ વિચાર્યા બાદ કલેક્ટરે સંહિતાની કલમ ૬૫ હેઠળ પરવાનગી આપી છે. જમીનનું પરિવર્તન બિનકૃષિ ઉપયોગ માટે થવાથી પ્રતિવાદી નં. ૩ ટ્રસ્ટને વધુ ઊંચી રકમ પ્રાપ્ત થઈ શકી અને ચેરિટી કમિશનરે રૂપિયા ૧૩૭.૦૧ કરોડની વધુ ઊંચી ઓફર સ્વીકારી ટ્રસ્ટ અધિનિયમની કલમ ૩૬ હેઠળ પરવાનગી આપી છે. એવી રજૂઆત કરવામાં આવી હતી કે તેમાં કોઈ ગેરકાયદેસરતા નથી. વિપરીત રીતે, શ્રી જોશી મુજબ, અરજદારની સદ્ભાવનાપૂર્વકતા શંકાસ્પદ છે, કારણ કે અગાઉના વાદચક્રમાં એક તબક્કે અદાલતે એવું નોંધ્યું હતું કે અરજદાર શ્રી તુષાર પટેલનો માત્ર એક મોખરિયો છે, જેઓની અરજી ફગાવવામાં આવી હતી. તેમણે રજૂ કર્યું હતું કે અરજીના સ્થાનાધિકારના પાસા સિવાય,

ગુણદોષના આધાર પર પણ હસ્તક્ષેપ કરવાનું કોઈ કારણ ઊભું થતું નથી. તેથી, આ અદાલત અરજી ફગાવી દે. શ્રી જોશીએ વધુમાં રજૂ કર્યું હતું કે કલેક્ટરે સંહિતાની કલમ ૬૫ હેઠળ પરવાનગી આપતી વખતે અને ચેરિટી કમિશનરે ટ્રસ્ટ અધિનિયમની કલમ ૩૬ હેઠળ પરવાનગી આપતી વખતે વિવિધ શરતો અને નિયમો મૂક્યા છે, જે દર્શાવે છે કે યોગ્ય કાળજી લેવામાં આવી છે અને આદેશને મનસ્વી અથવા મનનો ઉપયોગ કર્યા વિના આપવામાં આવેલ કહી શકાય નહીં. અનિવાર્ય આવશ્યકતાના પાસા અંગે તેમણે રજૂ કર્યું હતું કે ટ્રસ્ટ યુનિવર્સિટી સ્થાપવાનું વિચારી રહ્યું છે તેવું સામગ્રી ચેરિટી કમિશનર સમક્ષ રજૂ કરવામાં આવ્યું હતું. તૈયાર કરાયેલ પ્રસ્તાવિત આયોજન મુજબ યુનિવર્સિટીમાં ફેકલ્ટીઓ સ્થાપવા માટે વિવિધ મકાનોનાં અલગ અલગ ખંડો દ્વારા આશરે ૧,૫૦,૦૦૦ ચોરસ મીટર વિસ્તારમાં બાંધકામ કરવાનું જરૂરી બનતું હતું અને ખર્ચ, ભલે સંયમિત આંકડો રૂપિયા ૧૨,૦૦૦ પ્રતિ ચોરસ મીટર ધરીએ, તો પણ આશરે રૂપિયા ૧૮૦ કરોડ જેટલો થતો હતો. ઓડિટ કરાયેલ હિસાબી પુસ્તકો મુજબ આવી કોઈ પ્રવાહી મૂડી ઉપલબ્ધ નહોતી અને તેથી ટ્રસ્ટે પોતાની શૈક્ષણિક પ્રવૃત્તિનો વ્યાપ વધારવા માટે જમીનના નિકાલ દ્વારા ભંડોળ ઊભું કરવાનો નિર્ણય કર્યો હતો. શ્રી જોશીની રજૂઆત મુજબ, આવશ્યકતાના પાસાની ચેરિટી કમિશનરે તપાસ કરી છે અને ત્યારબાદ પરવાનગી આપવામાં આવી છે. તેમણે રજૂ કર્યું હતું કે ચેરિટી કમિશનરના આદેશમાં ખાસ કાળજી રાખવામાં આવી છે કે વેચાણમૂલ્યની રકમ ત્રણ વર્ષ માટે રાષ્ટ્રીયકૃત બેંકમાં રોકાણરૂપે જમા રહેશે અને તેનો વ્યાજ માત્ર ટ્રસ્ટની પ્રવૃત્તિ માટે જ ઉપયોગમાં લેવામાં આવશે. તેમણે વધુમાં રજૂ કર્યું હતું કે પરવાનગી આપવામાં આવ્યા પછી કોઈ સ્થગિતી આદેશ ન હોવાથી ૨૩.૦૧.૨૦૧૪ના રોજ વેચાણખત પણ અમલમાં મૂકવામાં આવ્યો છે અને ચેરિટી કમિશનરના આદેશ મુજબ રકમ બેંક ખાતામાં જમા છે. તેમની રજૂઆત મુજબ, સંહિતાની કલમ ૬૫ હેઠળ કલેક્ટર દ્વારા કરવામાં આવેલ

આદેશ અથવા ટ્રસ્ટ અધિનિયમની કલમ ૩૬ હેઠળ જમીન વેચવાની પરવાનગી આપવા ચેરિટી કમિશનર દ્વારા કરવામાં આવેલ આદેશને ગેરકાયદેસર કહી શકાય નહીં. તેથી, આ અદાલત અરજી ફગાવી દે.

૧૦. પ્રતિવાદી નં.૪ માટે હાજર થયેલા વિદ્વાન વકીલ શ્રી ઠાકોરે દલીલ કરી કે જમીન વિશાળ પ્રતિફળની ચૂકવણી સામે ખરીદવામાં આવી છે અને વેચાણ દસ્તાવેજ તા. ૨૩.૦૧.૨૦૧૪ ના રોજ પહેલેથી જ અમલમાં મુકવામાં આવ્યો છે. તેમણે રજૂઆત કરી કે બિનખેતી પરવાનગીના સમયે રજૂ કરવામાં આવેલ પ્રસ્તાવિત બાંધકામનો નકશો, પ્રતિવાદી નં.૪ દ્વારા સંબંધિત જમીન ખરીદાઈ ગયા બાદ તેની આંતરિક વપરાશને નિયંત્રિત કરનાર બની શકશે નહીં. તેમણે વધુમાં રજૂ કર્યું કે એક વાર જમીનને રહેણાંક વપરાશ માટે રૂપાંતરિત કરવામાં આવે પછી, તેનો વિકાસ જી.ડી.સી.આર. મુજબ સ્થાનિક સત્તામંડળ અથવા નગર આયોજન સત્તામંડળના સંબંધિત કાયદાઓથી નિયંત્રિત થશે અને તે મુજબનો નકશો સ્થાનિક સત્તામંડળ સમક્ષ રજૂ કરવામાં આવ્યો છે તથા તેને મંજૂરી પણ આપવામાં આવી છે, અને તેથી જમીનના વિકાસ માટે વેચાણ પછી પણ કોઈ ગેરકાયદેસરતા રહેતી નથી. તેમણે એમ પણ રજૂ કર્યું કે એક વાર રહેણાંક વપરાશની પરવાનગી આપવામાં આવી હોય, ત્યારે બિનખેતીની બધી શરતો બાંયધરીરૂપ રહેશે, પરંતુ બિનખેતી માટેની અરજી કરવામાં આવી હતી તે સમયે રજૂ કરવામાં આવેલ નકશો બાંયધરીરૂપ નહીં ગણાય. શ્રી ઠાકોરની રજૂઆત મુજબ, ટ્રસ્ટ અધિનિયમની કલમ ૩૬ હેઠળ ચેરિટી કમિશનરની મંજૂરીથી પ્રતિવાદી નં.૪ દ્વારા જમીન હસ્તગત કર્યા બાદ કોઈ ગેરકાયદેસરતા કરવામાં આવી છે એવું કહી શકાય નહીં. જ્યારે કોઈ ગેરકાયદેસરતા કરવામાં આવી નથી, ત્યારે આ અદાલતે વિવાદિત કાર્યવાહી માં હસ્તક્ષેપ કરવો યોગ્ય નથી અને અત્રેના

અરજદારને આ અદાલત દ્વારા કોઈ રાહત પણ આપવામાં આવી શકે નહીં.

૧૧. શ્રી ઠાકોરે વધુમાં રજૂઆત કરી હતી કે, જો અર[illegible]ગવામાં આવેલ રાહતોનું પરિચિન્તન કરવામાં આવે, તો સખાવતી કમિશનર દ્વારા અપાયેલી પરવાનગી હેઠળ પ્રતિવાદી નં. ૪ દ્વારા જમીન ખરીદવામાં આવી હોવા બાદ તથા તેને બિનખેતી માટે રૂપાંતરિત કર્યા બાદ જમીનના ઉપયોગનો પાસો વર્તમાન મામલામાં તપાસવાનો આવશ્યક ન રહી શકે, કારણ કે તે અરજાના કાર્યક્ષેત્રની બહાર આવતો હોઈ શકે. પરંતુ, દલીલનું પરીક્ષણ કરવા પૂરતા હેતુસર જો આ વિવાદનો પરિચિન્તન કરવામાં આવે તો પણ, સ્થાનિક સત્તાધિકારી દ્વારા મંજૂર કરાયેલ નકશા મુજબ મિલ્કતના વિકાસ માટે પ્રતિવાદી નં. ૪ દ્વારા કોઈ ગેરકાયદેસરતા કરવામાં આવી છે એવું કહી શકાય નહીં. તેમણે રજૂઆત કરી હતી કે આ અદાલત દ્વારા અરજી ફગાવી દેવામાં આવે.

૧૨. અમે વ્યાપક રીતે આ દલીલને બે મથાળાઓ હેઠળ વિભાજિત કરી શકીએ; એક તો સંહિતાની કલમ ૬૫ હેઠળ પારિત કરાયેલા આદેશની કાયદેસરતા અને માન્યતાને પડકારવા માટે અને બીજું ટ્રસ્ટ અધિનિયમની કલમ ૩૬ હેઠળ ચેરિટી કમિશનર દ્વારા આપવામાં આવેલી મંજૂરી અંગે.

૧૩. પ્રથમ પાસા અંગે, એ સત્ય છે કે જે સમયે ટ્રસ્ટ જમીન હસ્તગત કરવા/ખરીદવા ઇચ્છતું હતું, તે સમયે જમીનની સ્થિતિ કૃષિ જમીન તરીકે હતી અને તેથી, પ્રતિવાદી નં.૩ ટ્રસ્ટ ખેતીકર ન હોવાથી, અધિનિયમની કલમ ૬૩ સાથે નિયમ ૨૫ વાંચતા તે હેઠળ પરવાનગી આપવામાં આવી હોય તે સિવાય, તે જમીન ખરીદી શકતું ન હતું. આ

તથ્યાત્મક પાસા અંગે કોઈ વિવાદ રહી શકતો નથી કે અધિનિયમની કલમ ૬૩ હેઠળ એ શરતે પરવાનગી આપવામાં આવી હતી કે જમીનનો ઉપયોગ શૈક્ષણિક હેતુ માટે કરવાનો હતો. જમીનની સ્થિતિ શૈક્ષણિક હેતુ માટે વપરાશમાં લેવાતી કૃષિ જમીન તરીકે યથાવત્ રહી. તેથી, અમે કહી શકીએ કે મિલકતના હકશીર્ષક ઉપર રહેલો ઉક્ત અવરોધ, અન્યથા તેમાં ફેરફાર કરવામાં ન આવે ત્યાં સુધી, ચાલુ રહેશે. તે સ્વીકારાયેલ સ્થિતિ છે કે તે બાદ, પ્રશ્નાધીન જમીન અંગે રાજ્ય સરકારે અધિનિયમની કલમ ૮૮(૧)(બી) હેઠળ મુક્તિ આપી હતી. સહેલાઈથી સંદર્ભ માટે કલમ ૮૮(૧)(એ) અને (બી) નીચે મુજબ છે:

> *"૮૮. સરકારની જમીનો અને કેટલીક અન્ય જમીનોને મુક્તિ.*
>
> *(૧)* ઉપકલમ *(૨)* માં અન્યથા જોગવાઈ કરવામાં આવી હોય તે સિવાય*,* આ અધિનિયમની પૂર્વવર્તી જોગવાઈઓમાંનું કંઈપણ લાગુ પડશે નહીં
>
> *(એ)* સરકારની માલિકીની હોય તેવી*,* અથવા સરકાર પાસેથી ભાડે ધારિત જમીનોને*; [(એએ)* સ્થાનિક સત્તામંડળ દ્વારા ધારિત અથવા ભાડે લેવાયેલી જમીનોને*]*
>
> *(બી)* કોઈપણ તેવા વિસ્તાર માટે કે જેને રાજ્ય સરકાર સમયાંતરે*,* સત્તાવાર રાજપત્રમાં જાહેરનામા દ્વારા*,* બિન*–*કૃષિ અથવા ઔદ્યોગિક વિકાસ માટે અનામત તરીકે નિર્ધારિત કરે"

અગાઉક્ત અધિનિયમની જોગવાઈઓ દર્શાવે છે કે અમુક જમીનોને મુક્તિ આપવા માટે રાજ્ય સરકાર પાસે સક્ષમ સત્તા છે. અધિનિયમની કલમ ૮૮ની ઉપકલમ (બી) મુજબ, મુક્તિ આપતી વખતે રાજ્ય

સરકાર જમીનને બિનકૃષિ અથવા ઔદ્યોગિક વિકાસ માટે અનામત રાખવાનું નિર્દિષ્ટ કરી શકે છે. તેથી, તે બે પ્રકારની અનામત વિશે જણાવે છે, એક બિનકૃષિ માટે અને બીજી ઔદ્યોગિક વિકાસ માટે. જો જાહેરનામાને ઉપરોક્ત કાનૂની જોગવાઈના પ્રકાશમાં વિચારવામાં આવે, તો એવું જણાય છે કે જમીન બિનકૃષિ વિકાસ માટે અનામત રાખવામાં આવી હતી. તે ઔદ્યોગિક વિકાસ શબ્દથી વિપરીત રીતે નિવાસી કે શૈક્ષણિક અથવા વાણિજ્યિક એવા કોઈ વિશિષ્ટ હેતુ અંગે કંઈ જ જણાવતું નથી. એ સાચું છે કે જાહેરનામાની પ્રસ્તાવનામાં એવું જણાવવામાં આવ્યું છે કે રાજ્ય સરકારની ઇચ્છા છે કે અનુસૂચિમાં જાહેર કરાયેલ જમીનનો વિસ્તાર શૈક્ષણિક હેતુ માટે ઉપયોગમાં લેવાય અને રાજ્ય સરકારના મનમાં તે બાબત હોવા પરથી મુક્તિ આપવામાં આવી હતી અને અગાઉ નોંધ્યા મુજબ, શૈક્ષણિક હેતુ એવા હેતુઓમાંથી એક છે, જે અધિનિયમની કલમ ૮૮(૧)(બી) ની ભાષા મુજબ "બિનકૃષિ વિકાસ" શબ્દસમૂહની અંદર આવી શકે છે, તેથી રાજ્ય સરકારે સત્તાનો ઉપયોગ કર્યો હોઈ શકે. પરંતુ એકવાર સત્તાનો ઉપયોગ કરવામાં આવે અને મુક્તિ આપવામાં આવે, ત્યારબાદ અરજદાર દ્વારા માન્ય રીતે આ દલીલ કરી શકાતી નથી કે મુક્તિ આપવામાં આવ્યા પછી પણ અધિનિયમની જોગવાઈઓ લાગુ પડતી રહેશે. અમારા મત મુજબ, અધિનિયમની કલમ ૮૮ હેઠળ એકવાર મુક્તિ આપવામાં આવે પછી, ત્યારબાદના સમયબિંદુએ રાજ્ય સરકાર અધિનિયમની કલમ ૮૮ડી હેઠળ પોતાની સત્તાનો ઉપયોગ કરીને અપાયેલ મુક્તિ પાછી ખેંચવા માટે કાર્યવાહી શરૂ ન કરે ત્યાં સુધી, અધિનિયમની જોગવાઈઓ લાગુ પડતી બંધ થઈ જાય. આવી ઘટના બની નથી અને તે અરજદારનો એવો મામલો પણ નથી કે કોઈપણ સમયે પ્રતિવાદી નં. ૩ ટ્રસ્ટના હિતમાં અપાયેલ મુક્તિ પાછી ખેંચવા

માટે રાજ્ય સરકારે અધિનિયમની કલમ ૮૮ડી હેઠળ કાર્યવાહી શરૂ કરી હતી.

૧૪. ઉપરોક્ત સ્થિતિ ત્યાં સુધી યથાવત્ રહી જ્યાં સુધી પ્રતિવાદી ક્રમાંક ૩ ટ્રસ્ટ દ્વારા ટ્રસ્ટ અધિનિયમની કલમ ૩૬ હેઠળ જમીનના વેચાણ માટે ચેરિટી કમિશનર સમક્ષ અરજી કરવામાં આવી ન હતી અને ત્યારબાદ પણ, જ્યારે રહેણાંક ઉપયોગ માટે એન.એ. બાબતની અરજી પ્રતિવાદી ક્રમાંક ૩ ટ્રસ્ટ દ્વારા સંહિતાની કલમ ૬૫ હેઠળ જિલ્લા કલેક્ટર સમક્ષ કરવામાં આવી હતી. પ્રતિવાદી ક્રમાંક ૨ જિલ્લા કલેક્ટરનો એવો કેસ નથી કે સંહિતાની કલમ ૬૫ હેઠળ એન.એ. માટે અરજી કરવામાં આવી ત્યારે કોઈ તથ્યો દબાવવામાં આવ્યા હતા. જોકે, અરજદારનો દાવો એવો છે કે ભાડેતંત્ર અધિનિયમની કલમ ૬૩ હેઠળ શૈક્ષણિક હેતુ માટે પરવાનગી આપવામાં આવી હતી અને જમીનનો ઉપયોગ શૈક્ષણિક હેતુ માટે કરવા અંગે ભાડેતંત્ર અધિનિયમની જોગવાઈઓમાંથી મુક્તિ પણ આપવામાં આવી હતી, તેથી કલેક્ટર સંહિતાની કલમ ૬૫ હેઠળ રહેણાંક હેતુ માટે પરવાનગી આપી શકતા ન હતા. અરજદારની રજૂઆત મુજબ, જમીનનો ઉપયોગ શૈક્ષણિક હેતુ માટે જ થવો જોઈએ અને તેનો ઉપયોગ શૈક્ષણિક હેતુ સિવાય અન્ય કોઈ હેતુ માટે થઈ શકતો નથી.

૧૫. આ દલીલનું બે પાસાંથી પરીક્ષણ કરી શકાય; એક તો જમીનનો શૈક્ષણિક હેતુ માટેનો વાસ્તવિક ઉપયોગ અને બીજું, પ્રશ્નગત જમીનનો ઉપયોગ કરીને વેચાણ દ્વારા અથવા અન્ય રીતે નાણાં ભેગાં કરવાનું અને તેવા નાણાંનો શૈક્ષણિક હેતુ માટે ઉપયોગ કરવાનું. અમારા મત મુજબ, જો આ બન્ને પરિસ્થિતિઓમાંથી કોઈ એકનો સ્વીકાર એવા કોઈ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવે, જેના હેતુઓ શિક્ષણ સાથે સંબંધિત હોય, તો ટ્રસ્ટ અધિનિયમ હેઠળની આવશ્યક

પ્રક્રિયાનું પાલન કરવાના આધીન તે અનુમત્ય છે. એવું કલ્પી શકાતું નથી કે જ્યારે કોઈ એવી સંપત્તિ કોઈ ટ્રસ્ટ પાસે હોય, જેના હેતુઓમાં શિક્ષણ આપવાનું અથવા શૈક્ષણિક પ્રવૃત્તિઓ હાથ ધરવાની બાબત સમાવેશ પામતી હોય, ત્યારે તેનો ઉપયોગ માત્ર શૈક્ષણિક પ્રવૃત્તિઓ માટે જ થવો જોઈએ. કોઈ નિર્ધારિત પ્રકરણમાં, જો ચેરિટેબલ ટ્રસ્ટને જણાય કે હાલની સંપત્તિ શૈક્ષણિક પ્રવૃત્તિઓ સુગમ રીતે હાથ ધરવા માટે પૂરતી નથી, તો તે હાલની સંપત્તિઓના નિકાલ દ્વારા નાણાં ભેગાં કરવા માટેનો બીજો વિકલ્પ અપનાવી શકે, જેથી જણાવેલ નાણાંનો ઉપયોગ કરીને શૈક્ષણિક પ્રવૃત્તિઓ હાથ ધરવાના હેતુઓ સિદ્ધ કરી શકાય; તે કદાચ વધુ યોગ્ય હોય એવી અન્ય વૈકલ્પિક સંપત્તિઓ ખરીદીને હોઈ શકે અથવા ભેગાં કરાયેલા નાણાંનો ઉપયોગ અન્ય ઉપયોગમાં લેવાય તેવી જમીન પર નવું સંકુલ સ્થાપવા માટે કરવામાં આવતો હોઈ શકે, પરંતુ એવું નવું સંકુલ શૈક્ષણિક હેતુ માટે જ ઉપયોગમાં લેવાવાનું છે. આ પરિસ્થિતિઓમાં, જો પ્રતિવાદી નં. ૩ એ શિક્ષણના વિકાસના હેતુસર યુનિવર્સિટીની સ્થાપના માટે નાણાં ભેગાં કરવાનો નિર્ણય કર્યો હોય, તો એવું કહી શકાય નહીં કે આવી કાર્યવાહી ટ્રસ્ટના હેતુઓથી પ્રતિબંધિત હતી અથવા ટ્રસ્ટના હેતુઓના વિરુદ્ધ હતી. એકવાર ટ્રસ્ટ ભેગાં કરાયેલા જણાવેલ નાણાંના ઉપયોગ દ્વારા શૈક્ષણિક સંસ્થાની સ્થાપના માટે પ્રવૃત્તિઓ હાથ ધરે છે, ત્યારે એવું કહી શકાય કે ટ્રસ્ટ શિક્ષણના ક્ષેત્રમાં વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવા માટે પોતાના જ હેતુઓ અનુસાર આગળ વધ્યું છે. આવી બાબતને ટ્રસ્ટ અધિનિયમની જોગવાઈઓના વ્યાપ અને પરિસીમાના પ્રકાશમાં વિચારણીય બાબત તરીકે કહી શકાય.

૧૬. એ સાચું છે કે જો મામલો કડક રીતે ટેનન્સી અધિનિંયમની જોગવાઈઓના પ્રકાશમા તપાસવામાં આવે, તો એવું કહી શકાય કે જમીનનો વાસ્તવમાં શિક્ષણના હેતુ માટે ઉપયોગ થવો

જોઈએ હતો. અમારા મત મુજબ, આવી પરિસ્થિતિ ત્યારે ઊભી થઈ શકે, જ્યારે કોઈ નિર્ધારિત પ્રકરણમાં અધિનિયમની લાગુપાત્રતા યથાવત્ ચાલુ રહી હોત. અગાઉ નોંધ્યા મુજબ, રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવેલી મુક્તિના કારણે, ટેનન્સી અધિનિયમની લાગુપાત્રતા ૧૯૭૪થી આગળ બંધ થઈ ગઈ હતી. આ પરિસ્થિતિઓમાં, એવું કહી શકાય નહીં કે પ્રતિવાદી નં. ૩ ટ્રસ્ટ તરફથી ટેનન્સી અધિનિયમ મુજબ શરતનો કથિત ભંગ થયો હતો. એ સાચું છે કે ટેનન્સી અધિનિયમ હેઠળ લાદવામાં આવેલી કોઈપણ શરતનો વિચાર મહેસૂલ સત્તાધિકારી દ્વારા સંહિતા હેઠળ એન.એ. માટે પરવાનગી આપવાની હોય ત્યારે કરી શકાય, પરંતુ, અગાઉ નોંધ્યા મુજબ, ટેનન્સી અધિનિયમ લાગુ પડતું બંધ થઈ ગયું હોવાથી, બાબત એન.એ. માટે સંહિતાની કલમ ૬૫ હેઠળ પરવાનગી આપવી કે નહીં તે અંગે સ્વતંત્ર રીતે વિચારવા અને તપાસવા માટે જિલ્લા કલેક્ટરના ક્ષેત્રાધિકારમાં રહી હતી. તેથી, જો મામલાનો વિચાર સંહિતાની કલમ ૬૫ હેઠળની સત્તાના વ્યાપ અને પરિધિના પ્રકાશમાં એવી પરિસ્થિતિમાં કરવામાં આવે કે જ્યાં સંબંધિત જમીન પર ટેનન્સી અધિનિયમની જોગવાઈઓ લાગુ પડતી ન હતી, તો કલેક્ટર સંહિતાની કલમ ૬૫ હેઠળ ટેનન્સી અધિનિયમની જોગવાઈઓથી સ્વતંત્ર રીતે મામલાની તપાસ કરે. વર્તમાન કેસમાં હકીકતમાં એવું જ બન્યું છે, કારણ કે કલેક્ટરે સંહિતાની કલમ ૬૫ના વ્યાપ અને પરિધિમાં રહી સત્તાનો ઉપયોગ કર્યો છે અને રહેણાંક ઉપયોગ માટે પરવાનગી આપી છે. ઉપરોક્ત હકીકતી પરિસ્થિતિને ધ્યાનમાં લેતા, અમને એવું જણાતું નથી કે સંહિતાની કલમ ૬૫ હેઠળ કલેક્ટર દ્વારા પસાર કરાયેલ આદેશ ગેરકાયદેસર કહી શકાય.

૧૭. ઉપરોક્ત ઉપરાંત, [illegible]લેની અર[illegible] [illegible]રજદાર જે જાહેર હિતને આગળ ધપાવવાનો પ્રયત્ન કરે છે તે સંદર્ભે વધુ તપાસ કરવામાં આવે તો,

જો પ્રતિવાદી ક્રમાંક ૩ ટ્રસ્ટે શૈક્ષણિક હેતુના બહાને રાજ્ય સરકાર પાસેથી કોઈ અયોગ્ય લાભ લઈને જમીન પ્રાપ્ત કરી હોત અને ત્યારબાદ પ્રતિવાદી ક્રમાંક ૩ ટ્રસ્ટે ખાનગી હેતુ માટે પ્રતિફળ પોતાની પાસે રાખીને તે જમીન વેચવાનો નિર્ણય કર્યો હોત, તો સ્થિતિ ભિન્ન આધાર અને ભિન્ન વિચારણાની પાત્ર બની શકત. ઉદાહરણ તરીકે, કોઈ નિર્ધારિત કેસમાં રાજ્ય સરકારે કોઈ શૈક્ષણિક સંસ્થાને રાહતદરેથી આ શરતે જમીન ફાળવી હોય કે તે જમીનનો ઉપયોગ વિશિષ્ટ શૈક્ષણિક સંસ્થા સ્થાપવા માટે કરવો અને ત્યારબાદ શરતભંગ કરીને તે શૈક્ષણિક સંસ્થા કોઈ ખાનગી વ્યક્તિને કોઈ કોમ્પ્લેક્સના બાંધકામ માટે અથવા અન્ય રીતે તે જમીન વેચી દે, અને તે પણ રાજ્ય સરકારની પરવાનગી મેળવ્યા વગર અથવા નિર્ધારિત શરત મુજબ ચૂકવવાનો કોઈ પ્રીમિયમ ચૂકવ્યા વગર, તો તે જુદા દૃષ્ટિકોણથી તપાસવાનો એક અલગ વિષય બને. પરંતુ હાલના કેસમાં અભિલેખ પર એવું કોઈ દ્રવ્યમાન આવ્યું નથી કે જ્યારે અધિનિયમની કલમ ૬૩ હેઠળ ભાડેતંત્ર અધિનિયમ પ્રમાણે પરવાનગી મંજૂર કરવામાં આવી ત્યારે જમીન સરકારની માલિકીની હતી; પરંતુ એવું પ્રગટ થાય છે કે જમીન કોઈ ખાનગી ખેડૂત પાસે હતી અને પ્રતિવાદી ક્રમાંક ૩ ટ્રસ્ટ તે જમીન ખરીદવા ઇચ્છતું હતું. તે અકૃષિકારક હોવાને કારણે એવો પ્રતિનિધિત્વ કરવામાં આવ્યો કે જમીનનો ઉપયોગ શૈક્ષણિક હેતુ માટે થવાનો છે અને તેથી પરવાનગી આપવામાં આવી. આવકના હિતનો બલિદાન આપી પ્રતિવાદી ક્રમાંક ૩ એ કોઈ ઓછું પ્રતિફળ ચૂકવ્યું હોય તે દર્શાવવા માટે પણ અભિલેખ પર કોઈ દ્રવ્યમાન આવ્યું નથી. એ સાચું છે કે ભાડેતંત્ર અધિનિયમની જોગવાઈઓ મુજબ અકૃષિકારક વ્યક્તિ અધિનિયમની કલમ ૬૩ હેઠળ પરવાનગી મળ્યા બાદ જ જમીન ખરીદી શકે અને એટલા અંશે પ્રતિવાદી ક્રમાંક ૩ ને કલમ ૬૩ હેઠળ પરવાનગી મેળવવાનો લાભ મળ્યો હોવાનું કહી શકાય, પરંતુ ઓછું પ્રતિફળ ચૂકવ્યું હોય અથવા અન્ય રીતે કોઈ લાભ લીધો હોય તે માટે અભિલેખ પર કોઈ દ્રવ્યમાન આવ્યું નથી. અગાઉનો પાસો શૈક્ષણિક પાસા

સાથે સંકળાયેલો છે કે ત્યારબાદ ભાડેતંત્ર અધિનિયમની જોગવાઈઓમાંથી છૂટ રાજ્ય સરકારે આપી હતી અને કોઈ પણ સમયે ભાડેતંત્ર અધિનિયમ હેઠળની આવી છૂટ રદ કરવામાં આવી નથી અથવા રદ કરવા માટે કોઈ કાર્યવાહી શરૂ કરવામાં આવી નથી, અને વધુમાં એ રીતે ઉપજાવવામાં આવેલા નાણાંનો ઉપયોગ પ્રતિવાદી ક્રમાંક ૩ ટ્રસ્ટ દ્વારા શૈક્ષણિક પ્રવૃત્તિઓના વિકાસ માટે કરવાનો છે. અરજદારનો એવો કેસ નથી કે પ્રતિવાદી ક્રમાંક ૩ ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ મિલ્કતના વેચાણનો દેખાવ કર્યો છે અને વાસ્તવમાં પ્રતિફળ ટ્રસ્ટીઓને તેમની વ્યક્તિગત હેસિયતમાં અથવા અન્ય રીતે આપવાનું છે. આ પરિસ્થિતિઓમાં, જ્યારે પ્રતિવાદી ક્રમાંક ૩ દ્વારા શૈક્ષણિક પ્રવૃત્તિઓના વિકાસ માટે નાણાં ઉપજાવવામાં આવે છે, ત્યારે નાણાંનો એવો ઉપયોગ જાહેર હિતના સુધારામાં પરિણમે એવો છે. તેથી, વિષયને ભિન્ન દ્રષ્ટિકોણથી તપાસતાં પણ એવું કહી શકાય નહીં કે શૈક્ષણિક પ્રવૃત્તિઓ માટે ઉપયોગમાં લેવાના નાણાં ઉપજાવવાના હેતુસર જમીનને બિનકૃષિ માટે રૂપાંતરિત કરવાની આવી પ્રક્રિયા હાથ ધરવામાં આવે તો જાહેર હિતને પ્રતિકૂળ અસર પડશે.

૧૮. અરજદાર તરફથી હાજર રહેલા વિદ્વાન વરિષ્ઠ વકીલ શ્રી કવીનાએ એવી દલીલ કરવાનો પ્રયાસ કર્યો હતો કે સંહિતાની કલમ ૬૫ હેઠળની કાર્યવાહી દરમિયાન જિલ્લા કલેક્ટર સમક્ષ એવી રજૂઆત કરવામાં આવી હતી કે સોસાયટી તેના સ્ટાફ હોસ્ટેલ તથા અન્ય સંકુલોની સ્થાપના માટે જમીનનો ઉપયોગ કરવા ઈચ્છે છે, જ્યારે હકીકતમાં પ્રતિવાદી નં. ૩ એ તે સંબંધિત જમીનના નિકાલ માટે ચેરિટી કમિશનર સમક્ષ અગાઉથી જ અરજી કરી દીધી હતી, અને તેથી સંહિતાની કલમ ૬૫ હેઠળની કાર્યવાહી દરમિયાન કલેક્ટર સમક્ષ ખોટી રજૂઆત કરવામાં આવી હોવાનું કહી શકાય અને પરિણામે કલેક્ટર દ્વારા પસાર કરાયેલ આદેશ દૂષિત ગણાય અથવા, કોઈપણ પરિસ્થિતિમાં, કલેક્ટરે આદેશના રદકરણ માટે કાર્યવાહી આરંભ કરવી

જરૂરી હતી અને/અથવા ઉચ્ચ સત્તા તરીકે રાજ્ય સરકાર સુઓ મોટુ પુનર્વિચાર માટે અથવા અન્ય રીતે આ બાબત હાથ ધરી શકતી હતી. વર્તમાન મામલામાં એવું કંઈ કરવામાં આવ્યું નથી અને તેથી, અરજદાર આ બાબતમાં પ્રતિવાદી નં. ૩ વિરુદ્ધ યોગ્ય કાર્યવાહી કરવા માટે શાસકીય સત્તાને સક્રિય કરવા આ અદાલતના જનહિત અરજી અધિકારક્ષેત્રનો આશરો લઈ રહ્યો છે.

૧૯. ઉપરોક્ત દલીલ પ્રથમ દ્રષ્ટિએ સબળ જણાઈ શકે, પરંતુ સૂક્ષ્મ ಪರಿಶೋધન કરતાં એવું પ્રગટ થાય છે કે કાયદેસરની સત્તાનો ઉપયોગ કરતાં સક્ષમ સત્તાધિકારીએ કોઈ નિશ્ચિત આદેશ પસાર કર્યો હોય ત્યારે તે માટે થયેલ ભ્રમપ્રતિપાદનનો પ્રશ્ન એવો તથ્ય આધારિત ભ્રમપ્રતિપાદનના આધારે નક્કી થઈ શકે, જેને સંહિતાની કલમ ૬૫ હેઠળની સત્તાના ઉપયોગ માટે સંબંધિત ગણાવી શકાય; અથવા અન્ય શબ્દોમાં કહીએ તો, આવા પ્રતિપાદનના અભાવે, શું સત્તાધિકારી સંહિતાની કલમ ૬૫ હેઠળ બિનકૃષિ હેતુ માટે પરવાનગી મંજૂર કરવાની સત્તાનો ઉપયોગ કરત કે નહીં. સંહિતાની કલમ ૬૫ની જોગવાઈઓ તથા સરકારના પરિપત્રના સંબંધિત નિયમો સાથે વાંચતાં, જમીનને બિનકૃષિ ઉપયોગ માટે રૂપાંતરિત કરવાની અરજી નિર્ધારિત નમૂનામાં અને મહેસૂલી વિગતો સાથે કરવાની રહે છે. પ્રસ્તાવિત બાંધકામનો નકશો પણ રજૂ કરવાનો રહે છે. ત્યારબાદ કલેક્ટરે સંબંધિત અસરગ્રસ્ત સત્તાધિકારીનો અભિપ્રાય મેળવવાનો રહે છે અને તે પછી પરવાનગી આપવી કે નહીં તે અંગે વિચારવું રહે છે. સંબંધિત સત્તાધિકારીના અભિપ્રાય પર વિચારણા કર્યા બાદ અને કબજેદાર અથવા જમીનના માલિકના હક્કનું પરીક્ષણ કર્યા બાદ જ સત્તાનો ઉપયોગ કરવાનો રહે છે. જો કોઈ વ્યક્તિ કૃષિ જમીન ધારણ કરતો હોય અને તેને તે જ જમીનને રહેણાંક ઉપયોગ માટે રૂપાંતરિત કરવાની ઈચ્છા હોય, તો કાયદા મુજબ તેના ઉપર એ જાહેર કરવાની

કોઈ ફરજ નથી કે તે પોતે જ તે જમીનનો રહેણાંક હેતુ માટે ઉપયોગ કરવાનો છે કે જમીનને બિનકૃષિ ઉપયોગ માટે રૂપાંતરિત કર્યા પછી તે જમીન વેચવાની તેની ઈચ્છા છે. સંહિતાની કલમ ૬૫ હેઠળ પરવાનગી અપાઈ હોય તોય, જમીનધારકના હક્ક પર હસ્તાંતરણ અથવા વિમુખીકરણ અંગે કોઈ પ્રતિબંધ લાગુ પડતો નથી. એકમાત્ર આવશ્યકતા એટલી જ છે કે જો કોઈ વ્યક્તિએ જમીનને બિનકૃષિ ઉપયોગ માટે રૂપાંતરિત કરી હોય, તો જમીનનો હસ્તાંતરી અથવા ખરીદદાર, પરવાનગી અપાતી વખતે કલેક્ટર દ્વારા લાદવામાં આવેલી બિનકૃષિ સંબંધિત તમામ શરતો અને નિયમોનું પાલન કરવા બંધાયેલ રહેશે. આ પરિસ્થિતિઓમાં, માત્ર એટલા કારણે કે સંહિતાની કલમ ૬૫ હેઠળની કાર્યવાહી દરમિયાન પ્રતિવાદી ક્રમાંક ૩ દ્વારા, પ્રક્રિયા વેગવંતી બને તે હેતુથી, વિવાદિત જમીન પર ક્વાર્ટર્સ અથવા હોસ્ટેલ બાંધવાની ઈચ્છા દર્શાવતી અરજી કરવામાં આવી હતી, તેને સંહિતાની કલમ ૬૫ હેઠળની કાર્યવાહી દરમિયાન થયેલ ભ્રમપ્રતિપાદન કહી શકાય નહીં એવી દલીલ સ્વીકારવી મુશ્કેલ છે. અમારા મત મુજબ, આવો પાસો ન તો સંહિતાની કલમ ૬૫ હેઠળની સત્તાના ઉપયોગ માટે સંબંધિત ગણાવી શકાય, ન તો એવું કહી શકાય કે ઉક્ત પરિસ્થિતિઓએ સત્તાધિકારીને સંહિતાની કલમ ૬૫ હેઠળની સત્તાનો ઉપયોગ કરવા પ્રેર્યા હોત, અથવા તેની ગેરહાજરીમાં કલેક્ટર દ્વારા સંહિતાની કલમ ૬૫ હેઠળની સત્તાનો ઉપયોગ કરવામાં આવ્યો ન હોત. આ પરિસ્થિતિઓમાં, ઉપરોક્ત દલીલ સ્વીકારી શકાય નહીં.

૨૦. ઉપરોક્ત અવલોકનો અને ચર્ચાને ધ્યાનમાં લેતાં, સંહિતાની કલમ ૬૫ હેઠળ જિલ્લા કલેક્ટર દ્વારા આપવામાં આવેલી પરવાનગીના કારણે જાહેર હિતને પ્રતિકૂળ અસર કરતી કોઈ કાનૂની ખામી છે એવું કહી શકાય નહીં.

૨૧. પછી જે પાસાનું પરીક્ષણ કરવું યોગ્ય બને છે તે ટ્રસ્ટ અધિનિયમની કલમ ૩૬ હેઠળ ચેરિટી કમિશનર દ્વારા આપવામાં આવેલી મંજૂરી છે.

૨૨. અગાઉ અમારી દ્વારા નોંધવામાં આવ્યું છે તેમ, યુનિવર્સિટી સ્થાપીને અને વિવિધ ફેકલ્ટીઓના વિકાસ દ્વારા શૈક્ષણિક પ્રવૃત્તિઓના ઉન્નતિાર્થે નાણાં ભેગા કરવા માટે પ્રતિવાદી ક્રમાંક ૩ ટ્રસ્ટ દ્વારા નિર્ણય લેવામાં આવ્યો હતો. તે જ હેતુસર વિવાદિત જમીનના નિકાલ દ્વારા વિશાળ નાણાં ભેગા કરવા માટે અરજી કરવામાં આવી હતી. અગાઉ અમે અવલોકન કર્યું છે તેમ, તેની પુનરાવર્તન કરવાની જરૂર નથી, પરંતુ એટલું નોંધવું પૂરતું છે કે એક પરોપકારી ટ્રસ્ટ માટે ટ્રસ્ટના હેતુઓ માટે તેની મિલકતનો ઉપયોગ કરવો ખુલ્લો છે અને તે જ રીતે, ટ્રસ્ટ માટે નાણાં ભેગા કરવા હેતુથી મિલકત વેચવી પણ ખુલ્લી છે અને આવા નાણાંનો ઉપયોગ કરીને, ટ્રસ્ટ અધિનિયમ હેઠળની આવશ્યક પ્રક્રિયાને આધીન રહી ટ્રસ્ટના હેતુઓ સિદ્ધ કરી શકાય છે. તેથી, એવું કહી શકાય નહીં કે અધિનિયમની કલમ ૩૬ હેઠળની અરજી પ્રતિવાદી ક્રમાંક ૩ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવી ન હોત, તેમજ એવું પણ કહી શકાય નહીં કે પ્રતિવાદી ક્રમાંક ૩ દ્વારા નાણાં ભેગા કરવાનો લેવાયેલ કોઈપણ નિર્ણય અને તેના પરિણામે વિવાદિત જમીનના નિકાલ માટે અધિનિયમની કલમ ૩૬ હેઠળ કરવામાં આવેલી અરજી ટ્રસ્ટના હેતુઓના વિરુદ્ધ જતી હતી. એકવાર ટ્રસ્ટ અધિનિયમની કલમ ૩૬ હેઠળની અરજી ટ્રસ્ટના હેતુઓ સિદ્ધ કરવા માટેની ગણવામાં આવે, ત્યારબાદ ટ્રસ્ટ અધિનિયમની કલમ ૩૬ હેઠળના વિષયનું પરીક્ષણ કરવાનું અને પછી એ નક્કી કરવાનું કે વિવાદિત જમીનના નિકાલનો હેતુ ટ્રસ્ટના હેતુઓ સિદ્ધ કરવા માટે ખરો છે કે નહીં, તે ચેરિટી કમિશનર માટે રહેશે, અને તેને આ બાબતનું પણ પરીક્ષણ કરવું પડે કે આવા હેતુ માટે ટ્રસ્ટ તરફથી આવશ્યકતા છે કે નહીં; સાથે સાથે એ પાસું પણ ધ્યાનમાં લેવાનું રહે કે મિલકત વેચવાની હોય અને નાણાં

ભેગા કરવા હોય, તો મહત્તમ કિંમત પ્રાપ્ત થવી જોઈએ, જેથી તે ટ્રસ્ટને ટ્રસ્ટના હેતુઓ સિદ્ધ કરવા માટે ઉપલબ્ધ થઈ શકે. સુનાવણી દરમિયાન વિદ્વાન એ.જી.પી. દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવેલ ટ્રસ્ટ અધિનિયમની કલમ ૩૬ હેઠળની કાર્યવાહીની ચેરિટી કમિશનરના કાર્યાલયની મૂળ નોંધપોથી અમે વિચારમાં લીધી છે. નોંધપોથી પર એવું દસ્તાવેજી સામગ્રી રજૂ કરવામાં આવ્યું છે કે ટ્રસ્ટ અમદાવાદ યુનિવર્સિટીના હેતુ માટે વિવિધ ફેકલ્ટીઓના વિકાસ અને સ્થાપન માટે જુદા જુદા સંકુલો દ્વારા આશરે ૧,૫૦,૦૦૦ ચો.મીટર બાંધકામ કરવાનું વિચારી રહ્યું હતું. આવી સામગ્રીનું ચેરિટી કમિશનરે પરીક્ષણ કર્યું છે અને તેના દ્વારા એવું નિર્ધારિત કરવામાં આવ્યું છે કે ટ્રસ્ટ તરફથી નાણાં ભેગા કરવાની આવશ્યકતા છે, જે વિવાદિત જમીનના નિકાલ દ્વારા પ્રાપ્ત થઈ શકે. તેથી, આવશ્યકતાના આ પાસાનું પરીક્ષણ ચેરિટી કમિશનર દ્વારા કરવામાં આવ્યું છે અને આ પાસાના પરીક્ષણમાં અમને કોઈ કાનૂની દોષ જણાતો નથી.

૨૩. જોકે, અરજદાર તરફથી વિદ્વાન વરિષ્ઠ વકીલ શ્રી કવિનાએ દ્વિગુણ આક્ષેપો રજૂ કર્યા; જેમાં એક એ હતો કે કેટલાક વાંધેદારોએ ટ્રસ્ટ અધિનિયમની કલમ ૩૬ હેઠળની અરજીએ વિરોધ કર્યો હતો, પરંતુ ચેરિટી કમિશનરે તે વાંધાઓનો યોગ્ય રીતે વિચાર કર્યો નહોતો, અને બીજો એ હતો કે મમલતદાર મારફતે કલેક્ટરે પણ આ આધારે વાંધા ઉઠાવ્યા હતા કે અધિનિયમની કલમ ૬૩ હેઠળની પરવાનગી આ શરતે અપાઈ હતી કે આવી જમીનનો ઉપયોગ શૈક્ષણિક હેતુ માટે કરવો અને છૂટછાટ પણ ઉક્ત શરત સાથે જ અપાઈ હતી, અને તેથી જમીન વેચવાની પરવાનગી આપી શકાય નહીં. વિદ્વાન વરિષ્ઠ વકીલ શ્રી કવિનાની રજૂઆત મુજબ, તેમના સમક્ષ ઉઠાવવામાં આવેલા ઉપરોક્ત વાંધાઓને ધ્યાનમાં લેતાં, ચેરિટી કમિશનર ટ્રસ્ટ

અધિનિયમની કલમ ૩૬ હેઠળ પરવાનગી આપી શકતા નહોતા અને તેથી ઉક્ત આદેશ ગેરકાયદેસર ગણાવી શકાય.

૨૪. ખાનગી વ્યક્તિઓ અંગે, જેમણે ચેરિટી કમિશનર સમક્ષ ટ્રસ્ટ અધિનિયમની કલમ ૩૬ હેઠળની અરજી સામે વાંધાઓ ઉઠાવ્યા હતા અને તેનો પ્રતિકાર કર્યો હતો, અરજદારને આવા વાંધાઓના આધાર પર, જેમ રજૂ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે, સવારી કરવાની પરવાનગી આપી શકાય નહીં; પરંતુ અરજદારને એ બાબત અદાલતના ધ્યાન પર લાવવાનો પૂર્ણ અધિકાર રહેશે કે વાંધાઓ ઉઠાવવામાં આવ્યા હતા, છતાં પણ ચેરિટી કમિશનરે સત્તાનો ઉપયોગ કર્યો છે, અને તેથી તે આ અદાલતના જાહેર હિત અરજી સંબંધિત અધિકારક્ષેત્રનો આશ્રય લઈ રહ્યો છે. સરકારશ્રી સત્તાધિકારીએ જે બીજા પાસાં અંગે વાંધાઓ ઉઠાવ્યા છે, તે બાબત ખાનગી વ્યક્તિઓ દ્વારા ઉઠાવવામાં આવેલા વાંધાઓથી ભિન્ન રીતે અલગથી પરીક્ષણ કરવી જરૂરી બની શકે. સરકારશ્રી સત્તાધિકારી સિવાયની વ્યક્તિઓ દ્વારા ઉઠાવવામાં આવેલા વાંધાઓ અંગે, અમારી દૃષ્ટિએ, ચેરિટી કમિશનરે તેનો વિસ્તૃત રીતે પરિચયપૂર્વક વિચાર કર્યો છે અને નોંધવામાં આવે કે તે વ્યક્તિઓમાંથી એક શ્રી તુષાર પટેલ હતા, જેમણે અગાઉ પણ પોતાના વાંધાઓના આધારથી જાહેર હિત અરજી સંબંધિત અધિકારક્ષેત્રનો આશ્રય લેવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તેઓ નિષ્ફળ ગયા હતા. સર્વોચ્ચ અદાલત સમક્ષ પણ શ્રી તુષાર પટેલે આ અદાલત દ્વારા અરજી ફગાવવાના આદેશને પડકાર્યો હતો, તે સ્વીકારવામાં આવ્યો ન હતો અને ઉક્ત વિશેષ પરવાનગી અરજી ફગાવી દેવામાં આવી હતી. તેથી, ખાનગી વ્યક્તિઓ દ્વારા ઉઠાવવામાં આવેલા વાંધાઓ અને ટ્રસ્ટ અધિનિયમની કલમ ૩૬ હેઠળ સત્તાનો ઉપયોગ કરતી વખતે ચેરિટી કમિશનરે તેના પર કરેલ વિચારણા, અમારી દૃષ્ટિએ, ટ્રસ્ટ અધિનિયમની કલમ ૩૬ હેઠળ પસાર કરાયેલા

આદેશમાં હસ્તક્ષેપ કરવા માટે માન્ય આધાર બની શકે તેમ નથી. ભલે ખાનગી વ્યક્તિઓ દ્વારા ઉઠાવવામાં આવેલા આ વાંધાઓના પાસાંને શિથિલ દૃષ્ટિએ વિચારવામાં આવે, તો પણ વાંધાઓની વિષયવસ્તુ અને વિવાદિત આદેશમાં ચેરિટી કમિશનરે તેની કરેલી વિચારણા પરથી સ્પષ્ટ થાય છે કે ચેરિટી કમિશનરે એવા વાંધાઓનું પરીક્ષણ કર્યું છે અને ત્યારબાદ તે વાંધાઓ સ્વીકાર્યા નથી. ખાનગી વ્યક્તિઓના વાંધાઓનું નિરાકરણ કરીને અધિનિયમની કલમ ૩૬ હેઠળ ચેરિટી કમિશનરે લીધેલો દૃષ્ટિકોણ ટ્રસ્ટના હેતુઓના વિરુદ્ધ જતો અયોગ્ય છે એવું કહી શકાય નહીં, અને વાંધાઓ ફગાવવાથી ટ્રસ્ટના કોઈ હિત પર પ્રતિકૂળ અસર પડી છે એવું પણ કહી શકાય નહીં.

૨૫. સરકારી સત્તાધિકારી દ્વારા રજૂ કરાયેલ આક્ષેપોના પાસા અંગે, એટલું સાચું છે કે આક્ષેપો ચેરિટી કમિશનર સમક્ષ ઉઠાવવામાં આવ્યા હતા, પરંતુ એવું જણાય છે કે ચેરિટી કમિશનરે ટ્રસ્ટ અધિનિયમની કલમ ૩૬ ની હદ અને વ્યાપની અંદર રહીને સત્તાનો ઉપયોગ કર્યો હતો. જો જમીનની ફાળવણી માટે અથવા જમીનની ખરીદી માટે કોઈ શરત લાદવામાં આવી હોય અને તેનો કોઈ ભંગ થયો હોય, અને જુદા અધિનિયમ હેઠળની સંબંધિત સત્તાધિકારીને આક્ષેપિત ભંગ અંગે કોઈ કાર્યવાહી શરૂ કરવાની ઈચ્છા હોય, તો ટ્રસ્ટ અધિનિયમની કલમ ૩૬ હેઠળની કાર્યવાહી અથવા ટ્રસ્ટ અધિનિયમની કલમ ૩૬ હેઠળ ચેરિટી કમિશનર દ્વારા અપાયેલી પરવાનગી અવરોધરૂપ બની શકતી નથી અને બનશે પણ નહીં. આ પરિસ્થિતિઓમાં, માત્ર એટલા માટે કે મામલતદારે આક્ષેપો ઉઠાવ્યા હતા, તે કારણે અધિનિયમની કલમ ૩૬ હેઠળ ચેરિટી કમિશનરે સત્તાનો ઉપયોગ ન કરવો જોઈએ હતો એવું કહી શકાય નહીં; હા, પરંતુ તે એક અલગ બાબત છે કે રાજ્ય સરકારનો સંબંધિત અધિકારી, પોતાની રીતે, અને જો કાયદા અનુસાર અન્યથા અનુમત્ય હોય, તો શરતના આક્ષેપિત ભંગ અંગે કાર્યવાહી

શરૂ કરી શકે. બીજો સંબંધિત પાસો એ છે કે જ્યારે આવા આક્ષેપો મામલતદાર મારફતે ઉઠાવવામાં આવ્યા હતા, ત્યારે આક્ષેપો સાથે કોઈ સામગ્રી રજૂ કરવામાં આવી નહોતી, અને અરજદારનો એવો પણ કેસ નથી કે જે સમયે આક્ષેપો ઉઠાવવામાં આવ્યા હતા, તે સમયે અધિનિયમ હેઠળની શરતના આક્ષેપિત ભંગ અંગે સક્ષમ સત્તાધિકારી દ્વારા કોઈ કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. જો એવો કેસ હોત કે જેમાં અધિનિયમ હેઠળના આક્ષેપિત ભંગ બાબતે કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી અને તેના પરિણામે ટ્રસ્ટ તેના શીર્ષકથી વંચિત બની શકે અથવા શીર્ષક પર કોઈ અવરોધ ઊભો થઈ શકે, તો મિલ્કતના હસ્તાંતરણ સમયે ચેરિટી કમિશનરે વિચારવા યોગ્ય તે એક પાસો બની શક્યો હોત જેથી સૂચિત ખરીદદારે તે બાબતની જાણ રહે; પરંતુ સંબંધિત સમયે અધિનિયમ હેઠળના આક્ષેપિત ભંગ બાબતે કોઈપણ પ્રકારની કાર્યવાહી શરૂ કરવામાં આવી નહોતી, તેથી એવું કહી શકાય નહીં કે ટ્રસ્ટ અધિનિયમની કલમ ૩૬ હેઠળ પ્રતિવાદી ક્રમાંક ૩ ને ચેરિટી કમિશનરે આપેલી પરવાનગી અધિનિયમની કોઈ કાયદેસરની જોગવાઈના ભંગમાં હતી, તેમજ એવું પણ કહી શકાય નહીં કે અપાયેલી પરવાનગી ટ્રસ્ટ અધિનિયમની કલમ ૩૬ હેઠળની સત્તાની હદ અને વ્યાપથી બહાર હતી.

૨૬. પ્રતિવાદી ક્રમાંક ૩ ટ્રસ્ટ દ્વારા શૈક્ષણિક યુનિવર્સિટીની સ્થાપના માટે હાથ ધરાનારી શૈક્ષણિક પ્રવૃત્તિઓથી સામાન્ય જનતા પર શું અસર પડશે અથવા જાહેર હિતને શું લાભ થશે, તે દૃષ્ટિએ પ્રકરણનું પરીક્ષણ કરતાં, અમારા મત મુજબ, જો આટલો વિશાળ ભંડોળ એકત્રિત થાય, જેનો યુનિવર્સિટીના હેતુસર વિવિધ ફેકલ્ટીઓ સ્થાપીને વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓ હાથ ધરવા માટે સંપૂર્ણ ઉપયોગ થવાનો હોય, તો ટ્રસ્ટ અધિનિયમની કલમ ૩૬ હેઠળ પરવાનગી

આપવામાં આવે તેનાથી કોઈ જાહેર હિતને પ્રતિકૂળ અસર થશે એવું કહી શકાય નહીં.

૨૭. એન.એ.ની શરતોના ભંગ અંગે, જેમાં મિલકતના વિકાસ માટેના નકશાના પુનરાવર્તનનો મુદ્દો પણ સમાવેશ પામે છે, તે બાબતે સરકારી સત્તાધિકારીએ કોઈ નોંધ ન લીધી હોવાને કારણે તેની તરફથી થયેલી અનુગામી નિષ્ક્રિયતા અંગેની દલીલ ઉઠાવવામાં આવી હતી. અરજદારની તરફેથી રજૂ કરવામાં આવ્યું હતું કે સરકારી સત્તાધિકારીએ ઉક્ત પાસાને ધ્યાનમાં લઈને પોતે સક્રિય થવું જોઈએ હતું અને કાર્યવાહી હાથ ધરી શકાત, જ્યારે પ્રતિવાદી ક્રમાંક ૪ તરફથી હાજર રહેલા વિદ્વાન વરિષ્ઠ વકીલ શ્રી ઠાકોરે રજૂ કર્યું હતું કે, જ્યારે પ્રતિવાદી ક્રમાંક ૪ એ નકશો રજૂ કર્યો અને સ્થાનિક સત્તાધિકારી પાસેથી મંજૂરી મેળવી હતી તથા વેચાણખત તેની તરફે અમલમાં આવ્યા પછી તે મિલકતનો વિકાસ કરી રહ્યું છે, ત્યારે એન.એ.ની શરતોનો કોઈ ભંગ થયો નહોતો.

૨૮. તેથી, ઉપરોક્ત દલીલ, અમારા મત મુજબ, અરજાની સીમાની બહાર હતી. આ અરજી એન.એ. માટે રૂપાંતરણ કરવાની કાર્યવાહી, ટ્રસ્ટ અધિનિયમની કલમ ૩૬ હેઠળ પરવાનગી મેળવી સંબંધિત જમીનનો નિકાલ કરવાની કાર્યવાહી તથા વેચાણ દસ્તાવેજના અમલીકરણને પડકારવા માટે છે, અને તે પ્રતિવાદી નં. ૪ દ્વારા સંબંધિત જમીન હસ્તગત કર્યા પછીના વિકાસ સાથે સંબંધિત નથી. પરંતુ એટલું અવલોકન કરવું પૂરતું છે કે જો ઉપરોક્ત મુદ્દા અંગે કોઈપણ સત્તાધિકારી દ્વારા કોઈ કાર્યવાહી આરંભવામાં આવે, તો સરકારી સત્તાધિકારી તથા પ્રતિવાદી નં. ૪ સહિત તમામ પક્ષકારોના હકો અને દલીલો ખુલ્લા રહેશે.

૨૯. અમે નોંધ કરી શકીએ છીએ કે પ્રતિવાદી નં. ૩ તરફથી હાજર રહેલા વિદ્વાન વરિષ્ઠ વકીલ શ્રી મિહિર જોષીએ અરજદારના વત નને દર્શાવવાનો પ્રયત્ન કર્યો હતો કે અરજદાર તરફથી કોઈ પણ સદ્ભાવનાપૂર્ણ હેતુ નથી અને તેને શ્રી તુષાર પટેલ દ્વારા આગળ ધપાવવામાં આવ્યો છે, જેઓની અરજી અગાઉ નામંજૂર કરવામાં આવી હતી, અને આ અદાલતની લોકહિત અરજી અધિકારિતાનો આશ્રય લેવા પાછળ કોઈ સદ્ભાવનાપૂર્ણ હેતુ સર્વથા નથી, તેમજ અરજી દુર્ભાવનાપૂર્ણ હેતુ અને બાહ્ય વિચારણાઓથી પ્રેરિત છે.

૩૦. જ્યારે, અરજદાર તરફથી હાજર રહેલા વિદ્વાન વરિષ્ઠ વકીલ શ્રી. કવિનાએ રજૂઆત કરી હતી કે અરજદારે આ અદાલતની જાહેર હિત અરજીની અધિકારિતા આહ્વાન કરવા માટે યથાર્થ કારણ ધરાવે છે અને તેમણે વધુમાં રજૂઆત કરી હતી કે તેમની અરજીને સદ્ભાવનાપૂર્ણ હેતુના અભાવના આધારે નામંજૂર ન કરવામાં આવે, કારણ કે અગાઉ આ અદાલતે અરજદારની અરજીને અરજદારની લોકસ સ્ટેન્ડી ના આધારે નામંજૂર કરી હતી, પરંતુ તે આદેશ સર્વોચ્ચ અદાલત દ્વારા રદ કરવામાં આવ્યો છે અને સર્વોચ્ચ અદાલતે આ અદાલતને મુદ્દાની ગુણાવલિ પર તપાસ કરવા માટે દિશા આપી છે. તેમની રજૂઆત મુજબ, કરાયેલા અવલોકનોનો આશય એવો છે કે આ અદાલત શ્રી. તુષાર પટેલ દ્વારા પસંદ કરાયેલ અરજ ીિ આ અદાલત દ્વારા પારિત આદેશમાં કરાયેલા કોઈપણ અવલોકનોથી પ્રભાવિત થયા વિના મુદ્દાની તપાસ કરશે અને, તેથી, શ્રી. કવિનાએ રજૂઆત કરી હતી કે અરજદારના વર્તન અંગે ઉઠાવવામાં આવેલા આવા આક્ષેપોની આ અદાલત દ્વારા તપાસ ન કરવામાં આવે અથવા અરજદારને આવા આધારે અસફળ ન ઠેરવવામાં આવે.

૩૧. અમારા મત મુજબ, મુદ્દાસર પર અમે હસ્તક્ષેપ કરવાનો કોઈ કેસ હોવાનું માન્ય કર્યું નથી ત્યારે અરજદારના વર્તનના પાસા અંગે

ઉઠાવવામાં આવેલો વિવાદ નિરર્થક બની જાય છે, જોકે આ અદાલતના જાહેર હિત અરજીના અધિકારક્ષેત્રનો આશરો લેવા કોઈ વિવાદકારને અનુમતિ આપતી વખતે તે સંબંધિત બની શકે છે. અમે માત્ર એટલું નોંધીએ છીએ કે અગાઉના વિવાદની વિશિષ્ટ પરિસ્થિતિઓ અને સર્વોચ્ચ અદાલત દ્વારા પસાર કરાયેલા આદેશોને ધ્યાનમાં રાખીને, અરજદાર તરફથી થયેલા ઉક્ત વર્તનના પાસાનું પરીક્ષણ કરવાથી, જેમાં તેમાં ખરેખર જાહેર હિત સંકળાયેલું છે કે નહીં તે પ્રશ્ન પણ સમાવેશ થાય છે, અમે પોતાને રોક્યા છીએ; પરંતુ સાથે સાથે અમે આ પણ અવલોકન કરીએ છીએ કે, જેમ ઉપર અહીં અમારી દ્વારા નોંધવામાં આવ્યું છે તેમ, પડકારવામાં આવેલી કાર્યવાહીઓના પરિણામે વ્યાપક જનતા પર, ખાસ કરીને શિક્ષણ ક્ષેત્રના લાભાર્થીઓને લગતા, કોઈ પ્રતિકૂળ અસર થતી નથી. અમે બાબતને એટલેથી જ છોડીએ છીએ.

૩૨. ઉપરોક્ત અવલોકનો અને ચર્ચાને ધ્યાનમાં રાખીને, અમને જણાય છે કે જ્યારે મુખ્ય રાહત મંજૂર કરી શકાતી નથી, ત્યારે અનુસંગિક રાહતો કોઈપણ સ્થિતિમાં ઉપલબ્ધ બની શકતી નથી. તેથી, અરજદારને કોઈ રાહત આપી શકાય નહીં. પરિણામે, ગુણદોષવિહોણી હોવાથી, અરજી નામંજૂર કરવામાં આવે છે.

**(ન્યાયમૂર્તિ જયંત પટેલ)**

**(ન્યાયમૂર્તિ જી.બી. શાહ)**

*The translation of this judgment has been provided by M/s. Hyperlink E-Solutions Pvt. Ltd.*

==========================================================

**<u>અસ્વીકરણ</u>:** સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઈ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

**<u>DISCLAIMER:</u>** The translated judgement in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/ her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgement shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.